શ્રી આર્યરક્ષિત જૈન બાળ વાંચનમાળા ગુચ્છ ૨ જું, પુષ્પ ૬

૯૯૨

ચોરીવાળા જિનાલય નિર્માતા—

# શ્રેષ્ઠી રાજસી શાહ

: લેખક :

"પાર્શ્વ"

પં. હેમચન્દ્ર સાગર

કીંમત : ૦-૫૦ પૈસા

## પ્રકાશકીય નિવેદન

અંચલગચ્છ-વાંચનમાળાનાં દ્વિતીય ગુચ્છનું આ છઠ્ઠું પુષ્પ વાંચકો સમક્ષ રજૂ કરતાં ઘણો જ આનંદ થાય છે. છેલ્લાં ચારેક વર્ષથી આવી વાંચનમાળાનો વિચાર મનમાં ઘુંટાયા કરતો હતો. પ્રકાશનની રૂપરેખા તો નક્કી જ હતી. પરંતુ ગચ્છની અન્ય એક સંસ્થા આવી શ્રેણીનું પ્રકાશન હાથ ધરે છે એવું જાણવા મળતાં અમે અમારો વિચાર મોકુફ રાખેલો. પરંતુ તેનું કશું નક્કર પરિણામ ન આવતાં અંતે અમે જ આ કાર્ય સ્વેચ્છાએ ઉપાડી લીધું.

બાળકો ઇતર વાંચન દ્વારા જ્ઞાન સાથે ગમ્મત માણી શકે, એમની કુતૂહલવૃત્તિ ખીલે, એમના સંસ્કારો ફૂલેફાલે અને તેઓ ધર્મ ભાવનાથી અધિક રંગાય એવો આ વાંચનમાળાનો હેતુ છે. અમારો આશય સફળ થયો છે કે કેમ તેનો નિર્ણય વાંચકો ઉપર જ છોડીએ છીએ.

હાલ પુરતું તો પટ્ટધરો અને શ્રેષ્ઠીવર્યોના જીવનવૃત્તોને આધારિત બાર બાર પુષ્પોના બે ગુચ્છોની જ યોજના છે, જેની નામાવલી છેલ્લા જેકેટમાં દર્શાવી છે. એ ચોવીસે પુસ્તિકાઓના દ્રવ્ય સહાયકો પણ નક્કી થઈ ગયા છે અને જો એવો જ ઉત્સાહ રહેશે તો તીર્થદર્શન, ગ્રન્થપરિચય આદિ વિવિધ વિષયોને આવરી લેતા અન્ય ગુચ્છો પણ કદાચ અસ્તિત્વમાં આવે

આ પુસ્તિકાના પ્રકાશન માટે અમારી સંસ્થાને—
શ્રી સામજી નરશી વેલજી હૈદ્રાબાદવાલા તરફથી
દ્રવ્યસહાય મળી છે તે માટે અમે તેમના ઘણાજ આભારી છીએ

પાલિતાણા — કરમશી ખેતશી ખોના

તા. ૨૫-૪-૧૯૭૪.

# ચોરીવાળા જિનાલયના નિર્માતા
# શ્રેષ્ઠી રાજસી શાહ નાગડા

---

જામનગરનું ચોરીવાળું દેરાસર સુવિખ્યાત છે. તેની બાંધણી પ્રેક્ષણીય છે. તેની ભવ્યતા ઊડીને આંખે વળગે એવી છે. તેની રચના શત્રુંજય ટૂકને મળતી હોઇને તેનો મહિમા તીર્થસ્થાન તરીકે ખૂબ ખૂબ ગવાયો છે. તેની ખ્યાતિ સાથે તેના નિર્માતા રાજસી શાહની કીર્તિ–સૌરભ પણ જૈન–આલમમાં ફેલાઈ ગઈ છે. ખરતરગચ્છીય કવિવર સમયસુંદરજી જેવાએ વર્ણવ્યું છે કે—

> શત્રુંજયની કોરણી, નવાનગરમાં રે;
> શ્રી રાજસી ભરાયા બિંબ, તીરથ તે નમું રે.

જામનગરની તવારીખમાં વિક્રમની ૧૭ મી શતાબ્દીનો ઉત્તરાર્ધ સુવર્ણયુગ ગણાયો છે. એ અરસામાં રાજ્યની જાહોજલાલી અપૂર્વ કળાએ ખીલી હતી. તે યુગના યશભાગી પાત્રોમાં આ ત્રિપુટી મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવે છેઃ મંત્રીબાંધવ વર્દ્ધમાન–પદ્મસિંહ શાહ અને રાજમાન્ય શ્રેષ્ઠી રાજસી શાહ. ત્રણેય કચ્છી સપૂતો હતા. ત્રણેય અંચલગચ્છીય શ્રાવકો, તેમજ અંચલગચ્છાધીપતિ યુગપ્રધાન આચાર્ય કલ્યાણસાગરસૂરિના અનન્ય ભક્તો હતા એ બીના પણ યોગાનુયોગ છે. 'વિભાવિલાસ'ના કર્તા એમના વિશે પ્રશસ્ત ઉલ્લેખ કરતાં કહે છે કે—

> વધિયા ઘણ વેપાર અતે સહુકાર અપારહ,
> રાજસિંહ વર્દ્ધમાંન ધજ્જ કોટી ધન ધારહ.

જલદ્ધ કૈંક જિહાજ દેશ-પરદેશ જાવે;
ચીજ વિલતી ચાવ લાખ ભર ભર કર લાવે.

કવિ ઉક્ત ગ્રન્થમાં "વર્ધમાન શાહ દેશાહ દીવાન" વિશે એ પછી ઉલ્લેખ કરે છે.

કવિ હર્ષસાગરકૃત રાજસી શાહ રાસમાં નાગડાગોત્રના આદ્ય-પુરુષથી માંડીને ઠેઠ ચરિત્રનાયક સુધીની વંશાવલી આપી છે. રાજા મોહણસિંહનો પુત્ર ઉદ્દિલ્ર, જેને ભટ્ટગ્રંથોમાં ઉદ્દેસી કહેવાયો છે, તે ઘણો દયાવાન હતો. તેનો પુત્ર જાલ્હા, તેનો સધીર, તેનો સૂંટા થયો, જે સિંહ જેવો બળવાન હતો. તેનો પુત્ર સમરથ બધી કળાનો જાણકાર હતો. તેનો પુત્ર નરસંગ રાજમાન્ય પુરુષ હતો. રાજાઓ અને રાણાઓમાં તેની ખ્યાતિ હતી. તેને સકજૂ અને તેને વીરપાલ નામે પુત્ર થયો, જે દરિયાવ દિલનો હતો. તેને કંધોધર અને તેને હીરપાલ પુત્ર થયો જે પુણ્યાત્મા હતો. તેનો પુત્ર ભોજ રાજા ભોજ જેવો દાનવીર હતો. દુઃખી અને દરિદ્ર લોકોને તેણે અનેક પ્રકારે સહાય કરેલી.

કવિ મેઘમુનિએ પણ રાજસી રાસ રચ્યો છે. તેમાં તેઓ વર્ણવે છે કે મહાજનોમાં 'પુણ્યવંત અને શ્રીમંત' એવા ભોજા શાહ નાગડાગોત્રીય હોવા છતાં મૂળ પારકર-નિવાસી હોવાને કારણે 'પારકરા' કહેવાતા હતા. રાસમાં એમનું કુટુંબ કચ્છમાં વસેલું એ વિશે ઉલ્લેખ નથી, પરંતુ અન્ય પ્રમાણોમાં છે, રાસકાર વર્ણવે છે કે જામસાહેબે ભોજા શાહને નવાનગરમાં આગ્રહપૂર્વક તેડાવ્યા અને તેમને સત્કૃત કર્યાં. ઉક્ત રાસોમાં જામનગરનો નવાનગર, નવ્યનગર, નાગનગર, નૌતનપુર વગેરે નામોથી ઉલ્લેખ છે. જામનગરને વ્યાપારનું કેન્દ્ર જાણીને ભોજા શાહે ત્યાં પોતાની પેઢી શરૂ કરી. જામ-

સાહેબે તેમને રહેવા માટે ઉત્તમ સ્થાન પણ આપ્યું. વિ. સં. ૧૫૯૬ માં તેઓએ જામનગરમાં આવીને કાયમી વસવાટ કરી દીધો.

ભોજા શાહ પુણ્યવાન અને દાતા હોવાથી એમનું નામ સાર્થક હતું. તેમને ભોજલદે નામની પત્ની હતી. તેમના પાંચ પુત્રો આ પ્રમાણે થયાઃ ખેતસી, જેતસી, તેજસી, જગસી અને રતનસી. વિ. સં. ૧૬૩૧–૩૨ માં દ્વિવર્ષી દુષ્કાળ પડેલો ત્યારે જેતસીએ અન્નસત્રો શરૂ કરીને દુષ્કાળ–પીડિતોને ઉગારેલા. આવા ભીષણ દુષ્કાળમાં લોકો જ્યારે અનાજ માટે ટળવળતા હતા, ત્યારે જેતસી શાહે સૌને અન્ન પૂરું પાડીને ભારે નામના પ્રાપ્ત કરેલી. કવિઓએ તેમની બિરુદાવલી ગાયેલી.

ભોજા શાહના તૃતીય પુત્ર તેજસી ઘણા પુણ્યવાન, સુંદર અને તેજસ્વી હતા. તેમને બે પત્નીઓ હતી. પ્રથમ પત્ની તેજલદેથી ચાંપસી થયા, જેમની પત્ની ચાંપલદેથી નેતા, ધારા અને મૂલા નામે ત્રણ પુત્રો થયા. દ્વિતીય પત્ની વઈજલદે ઘણી ગુણવતી, ધર્મિષ્ઠા અને પતિપરાયણ હતી. તેની કુક્ષિથી વિ. સં. ૧૬૨૪ ના માગશર વદિ ૧૧ ના શુભ દિને લક્ષણયુક્ત પુત્રરત્ન અવતર્યો. જ્યોતિષીઓએ જન્મ–લગ્ન જોઈને ભવિષ્યવાણી ઉચ્ચારી કે આ બાળક જગતનો પ્રતિપાલક થશે એનું રાજસી નામ રાખવામાં આવ્યું.

રાજસી ઘણો પ્રતિભાશાળી હતો. દિન–પ્રતિદિન તે વૃદ્ધિ પામવા લાગ્યો. યોગ્ય ઉંમરે તેને પોશાળમાં અભ્યાસ માટે મોકલવામાં આવ્યો. બાળક રાજસી ત્યાં માતૃકાક્ષર, ચાણક્ય-નીતિ, નામા–લેખા વગેરે શીખ્યો. પોશાળમાં રહીને તેણે ધર્મશાસ્ત્રનો પણ અભ્યાસ કર્યો.

તેજસી શાહને રાજસીના જન્મ બાદ નેણસી નામે

ત્રીજો પુત્ર પણ થયો. રાજસી શાહને યુવાન વયે સજલદે નામની ગુણવતી કન્યા સાથે પરણાવવામાં આવ્યા. સજલદેથી તેમને રામુ નામે પુત્ર થયો. રામુને યોગ્ય વયે પરણાવવામાં આવેલો. તેની પહેલી પત્નીથી પુત્ર અને પુત્રી પ્રાપ્ત થયાં. રામુને દ્વિતીય ભાર્યા સરીઆઇથી માનસિંહ નામનો પુત્ર થયો.

રાજસી શાહની દ્વિતીય પત્ની સરૂપદેથી લાંછા, પાંચી તથા ધરમી નામે ત્રણ પુત્રીઓ થઇ, જેમને મનરંગદે, મોહણદે અને ચંદનબાલા તથા પ્રત્યેકને એક પુત્ર પ્રાપ્ત થયો. રાજસી શાહની તૃતીય પત્ની રાણાદે મહા ઉદાર અને પતિવ્રતા હતી. રાજસી શાહના નાના ભાઈ નેણસી શાહને સોમકરણ અને કર્મસી નામના દાનવીર પુત્ર–દ્વય થયા.

કવિ હર્ષસાગર કૃત રાસમાં તેજસી શાહે જામનગરમાં વિ. સં. ૧૬૨૪ માં શ્રી શાંતિનાથ ભગવાનનું દેરાસર બંધાવ્યું હતું તે વિશે ઉલ્લેખ છે. "અંચલગચ્છની મોટી પટ્ટાવલી", "વર્દ્ધમાન–પદ્મસિંહ શ્રેષ્ઠી ચરિત્રમ્." તથા "કલ્યાણસાગરસૂરિ રાસ"માં તેજસી શાહનાં કાર્યો વિશે ઘણું ઘણું કહેવાયું છે. અલબત્ત, ઉક્ત ત્રણેય શંકિત ગ્રન્થો છે. છતાં તેની માહિતી ઘણીવાર ઉપયોગી બની રહે છે. તેમાં ઉલ્લેખ છે કે વિ. સં. ૧૬૧૩ માં અંચલગચ્છાધિપતિ ધર્મમૂર્તિસૂરિ વિહરતા જામનગરમાં પધારેલા ત્યારે તેજસી શાહે તેમનો આડંબરપૂર્વક પ્રવેશોત્સવ કર્યો. શ્રેષ્ઠીના આગ્રહથી સૂરિ ત્યાં ચાતુર્માસ રહેલા. ધર્મમૂર્તિસૂરિના ઉપદેશથી તેજસી શાહે જામનગરમાં જિનપ્રાસાદ બંધાવવાનો પ્રારંભ કર્યો. બે લાખ મુદ્રિકાને ખરચે મનોહર જિનપ્રાસાદ તૈયાર થયો. વિ સં. ૧૬૨૪ માં તેમણે સૂરિની નિશ્રામાં પોષ શુદ ૮ ના દિને મૂલનાયક શ્રી શાંતિનાથ પ્રભુ સમેત એકાવન જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી.

પ્રતિષ્ઠા–મહોત્સવ પ્રસંગે તેમણે પોતાની જ્ઞાતિના માણસોને મિષ્ટાન્ન ભોજન કરાવ્યું. તથા અંચલગચ્છીય શ્રમણોનો આદર–સત્કાર કર્યો. આ શિખરબંધ જિનાલય જામનગરનું સૌથી પ્રાચીન દહેરાસર ગણાય છે.

વિ. સં. ૧૬૪૪ માં ધર્મમૂર્તિસૂરિ પાલિતાણામાં ચાતુર્માસ બિરાજતા હતા. તે વખતે યાત્રાર્થે આવેલા તેજસી શાહે સૂરિને પછીનું ચાતુર્માસ જામનગરમાં કરવાની આગ્રહભરી વિનંતી કરી. એમની વિનંતીને માન આપીને સૂરિ એ પછી જામનગરમાં ચાતુર્માસ રહ્યા. તેમના ઉપદેશથી તેજસી શાહે શ્રી શત્રુંજયનો તીર્થસંઘ કાઢીને પાંચ લાખ મુદ્રિકાનો ખર્ચ કર્યો.

એ અરસામાં મુસલમાન સૈન્યે જામનગર પર મોટો હલ્લો કર્યો અને શહેરમાં ભારે લૂટફાટ મચાવી. આ આક્રમણમાં તેજસી શાહે બંધાવેલું જિનાલય ખંડિત થયું. મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનની મૂર્તિને મુસલમાનોએ તોડી પાડી. એમના અમાનુષી વર્તાવથી શહેરમાં નાશભાગ મચી ગઈ. તેજસી શાહ કુટુંબ સહિત કચ્છના માંડવી બંદરમાં ચાલ્યા ગયા. યોગાનુયોગ એ વખતે ધર્મમૂર્તિસૂરિ પણ માંડવીમાં જ બિરાજમાન હતા. તેજસી શાહે તેમને મુસલમાનોના આક્રમણની તથા જિનાલય ભંગની બધી વાત સજળનેત્રે કહી સંભળાવી. સૂરિએ તેમને ખંડિત જિનાલયનો ઉદ્ધાર કરવાનો ઉપદેશ આપ્યો અને કહ્યું કે જે નિર્મિત છે તે મિથ્યા થઈ શકતું નથી. સૂરિએ સાંત્વન આપતાં તેજસી શાહનું દુઃખ દૂર થઇ ગયું. પછી તેઓ પોતાના પૂર્વજોના નિવાસ–સ્થાન રૂપ આરિખાણા ગામમાં થોડો વખત રહ્યા. મુસલમાન સૈન્ય જામનગરમાંથી ચાલ્યું ગયું એટલે પુનઃ તેઓ કચ્છથી જામનગરમાં આવી પહોંચ્યા.

તેજસી શાહે પોતાના ખંડિત જિનાલયનો ઉદ્ધાર કરાવ્યો. ધર્મમૂર્તિસૂરિને તેમણે આગ્રહપૂર્વક જામનગરમાં તેડાવ્યા. સૂરિના સૂચનથી સોરઠમાંથી શ્રી શાંતિનાથ પ્રભુની મનોહર પ્રતિમા મંગાવીને તેને મૂલનાયક તરીકે સ્થાપવામાં આવી. વિ. સં. ૧૬૪૮ ના માગશર શુદિ ૪ ના દિને સૂરિના ઉપદેશથી ધૂમધામથી જિનાલયની પુનઃ પ્રતિષ્ઠા થઇ. તે શુભ પ્રસંગે તેજસી શાહે સ્વામીવાત્સલ્યાદિ ધર્મકાર્યોમાં ઘણું ધન ખરચ્યું. એ પછી શ્રેષ્ઠીવર્ય આ ફાની દુનિયા છોડી ગયા.

પટ્ટાવલીમાં જણાવાયું છે કે લાલન વર્દ્ધમાન અને પદ્મસિંહ શાહના તૃતીય બાંધવ ચાંપશી શાહ રાજસી શાહના વેવાઈ થતા હતા. બન્ને વેવાઇઓ વચ્ચે ઘણો મનમેળ હતો. વર્દ્ધમાન–પદ્મસિંહ શાહને અનુસરીને રાજસી શાહ અને ચાંપસી શાહ પણ આરિખાણાથી ભદ્રાવતીમાં વ્યાપારાર્થે વસ્યા અને સાથે મળીને વ્યાપાર જમાવ્યો. વિ. સં. ૧૬૫૦ માં ઉક્ત લાલન બંધુઓએ શ્રી શત્રુંજયનો સંઘ કાઢેલો. તેમાં બન્ને વેવાઇઓએ સંઘ–વ્યવસ્થામાં મુખ્યપણે ભાગ ભજવેલો. લાલન બંધુઓએ કલ્યાણસાગરસૂરિના ઉપદેશથી શ્રી શત્રુંજયગિરિ ઉપર જિનાલયો બંધાવવા માટે ખાતમુહૂર્ત કરતાં રાજસી શાહે પણ માગશર વદિ ૧૩ ના દિને ખાતમુહૂર્ત કર્યું. તીર્થસંઘ જામનગરમાં વિસર્જિત થયો અને જામ જશવંતસિંહજીના અત્યાગ્રહથી સંઘપતિ બાંધવોએ જામનગરમાં જ કાયમી વસવાટ કર્યો તેમને પાંચ હજાર ઓસવાળો અનુસર્યા રાજસી શાહ અને ચાંપસી શાહ પણ વર્દ્ધમાન–પદ્મસિંહ શાહને અનુસરીને વ્યાપારાર્થે જામનગરમાં જ ઠરીઠામ થયા. અલબત્ત, પટ્ટાવલીનું આ વિધાન સંશોધનીય છે. આપણે અગાઉ જોયું તેમ રાજસી શાહ એ અગાઉ જામનગરમાં જ હતા એમનો જન્મ પણ ત્યાં જ થયેલો.

પાછળથી શ્રી શત્રુંજયગિરિ ઉપરનાં ત્રણે જિનાલયોનું કામ પૂર્ણ થતાં વિ. સં. ૧૬૭૫ માં શ્રેષ્ઠી વર્દ્ધમાન–પદ્મસિંહ શાહ તથા રાજસી શાહ મોટા આડંબરપૂર્વક પાલિતાણા પધારેલા. કલ્યાણસાગરસૂરિના ઉપદેશથી ગિરિરાજ ઉપરના ત્રણે જિનાલયોની મહોત્સવપૂર્વક પ્રતિષ્ઠા થઇ. રાજસી શાહે શ્રી શાંતિનાથપ્રભુની પ્રતિમાને મૂળનાયકપદે સ્થાપી. તેમણે પોતાના જિનાલયમાં સર્વે મળીને દોઢ લાખ મુદ્રિકાઓનો ખર્ચ કરીને લક્ષ્મીને કૃતાર્થ કરી.

મેઘમુનિ કૃત રાજસી શાહ રાસમાં જણાવાયું છે કે વિ. સં. ૧૬૬૦ માં ધર્મમૂર્તિસૂરિ જામનગરમાં પધાર્યા. શ્રાવક–સમુદાયની સાથે જામનરેશ્વર પણ વંદનાર્થે પધાર્યા. સૂરિએ ધર્મોપદેશ દેતાં ભરત ચક્રવર્તિએ શ્રી શત્રુંજયનો સંઘ કાઢીને પ્રાપ્ત કરેલા સંઘપતિ–પદ વિશે વિસ્તારથી વર્ણન કર્યું. રાજસી શાહે એવો સંઘ કાઢવાની ઇચ્છા પ્રકટ કરી. વિ. સં. ૧૬૬૫ માં લઘુભ્રાતા નેણસી તથા તેમના પુત્રો સોમા, કર્મસી, વડીલબંધુ ચાંપસી શાહના પુત્રો નેતા, ધારા, મુલજી તેમજ સ્વપુત્ર રામુ આદિ પરિવાર સાથે રાજસી શાહે સંઘ સહિત પ્રયાણ કર્યું. સંઘનાયક વર્દ્ધમાન તથા પદ્મસિંહ શાહ પણ સંઘમાં ઉપસ્થિત હતા હાલાર, સિંધ, સોરઠ, કચ્છ, મરૂધર, માલવા, આગરા તથા ગુજરાતના યાત્રિકગણો સાથે ચાલ્યા. હાથી, ઘોડા, ઊંટ, રથ, સેજવાલો પર સવાર થઇને તથા કેટલાક યાત્રિકો પગે ચાલતા હતા માર્ગમાં ગન્ધર્વો દ્વારા જિનગુણ–સ્તવના કરતો તથા ભાટો દ્વારા બિરુદાવલી ગાતો સંઘ શ્રી શત્રુંજયની તળેટીમાં આવી પહોંચ્યો. સોનાનાં ફૂલ, મોતી તથા રત્નોથી ગિરિરાજને વધાવવામાં આવ્યો. તીર્થનાયક શ્રી ઋષભદેવ પ્રભુના દર્શન કરી સૌ ધન્ય થયાં. રાયણ–વૃક્ષને નીચે રાજસી શાહને સંઘપતિનું તિલક કરવામાં

આવ્યું. સંઘવી રાજસી શાહે પાલિતાણામાં સ્વામીવાત્સલ્ય, લહાણુ આદિ ધર્મકાર્યોમાં પ્રચુર ધનરાશિ વ્યય કર્યો. તીર્થ-યાત્રા કરી સંઘ સહિત તેઓ સકુશળ જામનગરમાં પધાર્યા,

શ્રી શત્રુંજય મહાતીર્થની યાત્રાથી રાજસી શાહ અને નેણસી શાહના મનોરથો સફળ થયા. તેઓ ધર્મકાર્યોમાં વિશેષ અભિરુચિ દર્શાવતા થયા. દરેક સંવત્સરીનાં પારણાના દિવસે તેઓ સ્વામીવાત્સલ્ય કરતા અને શ્રીફળ, સુખડી આદિની પ્રભાવના કરતા. જામ નરેશ્વરને માન્ય એવા રાજસી શાહની પુણ્ય–કળા બીજના ચંદ્રની જેમ વિકસતી જતી હતી.

એકવાર એમના મનમાં વિચાર આવ્યો કે મહારાજા સંપ્રતિ, મંત્રીશ્વર વિમલ અને વસ્તુપાલ–તેજપાલ વગેરે મહાપુરુષોએ ભવ્ય જિનાલયો નિર્માણ કરીને તીર્થો સ્થાપ્યાં અને પોતાની કીર્તિ પણ ચિર સ્થાયી કરી. જિનેશ્વરોના શ્રીમુખથી આવાં કાર્યો દ્વારા મહાફળની નિષ્પત્તિ દર્શાવાઈ છે. માટે આવું કાર્ય મારે પણ કરવું જોઇએ. તેમણે પોતાના નાના ભાઈ નેણસી શાહ સાથે આ વિશે એકાંતમાં સલાહ કરી. કુટુંબીઓ સાથે પણ આ બાબતમાં વિચારણા કરી.

વિશાળ જિનાલય બંધાવવાનો વિચાર પાકો થતાં રાજસી શાહના ઉમંગનો પાર ન રહ્યો. તેના વડીલ બંધુ ચાંપસી શાહના પુત્ર મૂલા શાહે ખર્ચમાં કેટલોક હિસ્સો આપ્યો. કવિ હર્ષસાગરજીના વર્ણન પરથી સ્પષ્ટ થાય છે કે રાજસી શાહે જેમની સાથે જિનાલય વિશે વિચાર–વિમર્શ કર્યો તેમાં ક્યાંયે તેમના વડીલ બંધુ ચાંપસી શાહનું નામ આવતું નથી, પણ તેમના ત્રણેય પુત્રોનું નામ આવે છે એટલું જ નહિ ચાંપસી શાહના પુત્ર મૂલાએ જિનાલયના

ખર્ચમાં કેટલોક હિસ્સો પણ આપ્યો હતો. એટલે એ વખતે ચાંપસી શાહ વિદ્યમાન નહિ હોય.

કુટુંબીજનો સાથે વિચાર-વિમર્શ કર્યા બાદ રાજસી શાહ, નેણસી શાહ, રાજસી શાહના પુત્ર રામુ તથા ચાંપસી શાહના પુત્ર મૂલા, એ ચારે જણાએ જામ જસવંતસિંહજી પાસે જઈને આજ્ઞા માગી કે અમને નલિની વિમાન જેવું, જિનાલય નિર્માણ કરવાની આજ્ઞા આપો. રાજા એમની વિનંતીથી ઘણો પ્રસન્ન થયો. રાજસી શાહને તેમણે ઉત્તમ ભૂમિ પસંદ કરવાનું કહ્યું. રાજાજ્ઞા પ્રાપ્ત કરી ચારે જણા સાનંદ ઘેર આવ્યા અને જિનાલય નિર્માણ કરવાની તૈયારી આરંભી. ગજધર જશવંત મેઘાને સૂત્રધાર તરીકે નિયુક્ત કરવામાં આવ્યો. સૂત્રધારે યોગ્ય ભૂમિની ગવેષણા કરી. ઉત્તમ સ્થાન જોઈને જિનાલયનો પાયો નાખવામાં આવ્યો કચ્છથી કુશળ કારીગરોને તેડાવવામાં આવ્યા. વાસ્તુવિદોને બોલાવીને સમગ્ર જિનાલયનો નકશો તૈયાર કરવામાં આવ્યો.

જિનાલયના ખાતમુહૂર્તની મિતિ વિશે બન્ને રાસોમાં મતભેદ છે. મેઘમુનિ કૃત રાસમાં જણાવાયું છે કે વિ. સં. ૧૬૬૮ ના વૈશાખ શુદ ૩, અક્ષયતૃતીયાના પવિત્ર દિવસે જિનાલયનું ખાતમુહૂર્ત થયું હર્ષસાગર કૃત રાસમાં ઉલ્લેખ છે કે વિ. સં. ૧૬૭૨ માં જિનાલયના મંડાણનો પ્રારંભ થયો. શુભ મહિનામાં, શુભ વેળાએ અષ્ટમીના રોજ વાસ્તુક મેઘાએ ૯૯ ગજ લાંબા અને ૩૫ ગજ પહોળા વિશાલ જિનાલયનો પાયો નાખ્યો.

મેઘમુનિ વર્ણવે છે કે બીજે જ વર્ષે એ જ દિવસે વિ. સં. ૧૬૬૯ ના અક્ષયતૃતીયાના શુભ દિને શુભ મુહૂર્તમાં સમગ્ર નગરને રાજસી શાહે ભોજનાર્થે નિમંત્ર્યું. લાડુ,

જલેબી, કંસાર આદિ પકવાન્નો દ્વારા ભક્તિ કરી. સ્વયં જામ નરેશ્વર પણ ભોજનાર્થે પધાર્યા. વર્દ્ધમાન અને પદ્મસિંહ શાહ તથા તેમના પુત્રો વીજપાલ, શ્રીપાલ વગેરે મહાજનોને સાથે લઇને પધાર્યા. ભોજનાનંતર બધા લોકોને સોપારી, ઇલાયચી વગેરેથી સત્કૃત કર્યા.

કવિ હર્ષસાગર જિનાલયના સ્થાપત્ય વિશે પણ માહિતી આપે છે. તેઓ જણાવે છે કે જિનાલયના બંધકામમાં પહેલો થર કુંજાનો, બીજો કિલસુ, ત્રીજો કિવાસ, ચોથો માંકી, પાંચમો ગજડબંધ, છઠ્ઠો દોઢિયા, સાતમો સ્તર ભરણી, આઠમો સરાવટ, નવમો માલાગિર, દસમો સ્તર છાજ્જા, અગિયારમો છેપાર અને તેના ઉપર કુંભ-વિસ્તાર કરવામાં આવ્યો. જામિસ્તર કરીને તેના ઉપર શિલા-શૃંગ બનાવ્યાં. મહેન્દ્ર નામક આ ચૌમુખ શિખરનાં ૬૦૯ શૃંગ અને બાવન જિનાલયનું નિર્માણ થયું. ૩૨ નાટારંભ કરતી પુતલીઓ, શ્રી નેમિનાથની ચોરી, ૨૬ કુંભી, ૯૬ સ્તંભ ચૌમુખને નીચે તથા ૭૨ સ્તંભ ઉપરવર્ત્તિ થયા. આ પ્રમાણે નાગપદ્મ મંડપવાળા લક્ષ્મીતિલક પ્રાસાદમાં શ્રી શાંતિનાથ પ્રભુની પ્રતિમા મૂલનાયકપદે સ્થાપિત થઈ. દ્વારની બન્ને બાજુએ હાથીઓ મૂકવામાં આવ્યા. આબૂના વિમલ પ્રાસાદની જેમ જામનગરમાં રાજસી શાહે યશોપાર્જિત કર્યો આ લક્ષ્મીતિલક પ્રાસાદમાં ત્રણ મંડપ અને પાંચ ચૌમુખ થયાં. ડાબી બાજુએ શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ, જમણી બાજુએ શ્રી સંભવનાથ, ઉત્તર દિશાની મધ્ય દેવકુલિકામાં શ્રી શાંતિનાથ, દક્ષિણ દિશાના ભોંયરામાં અનેક જિનબિંબ તથા પશ્ચિમ દિશાના ચૌમુખમાં અનેક પ્રતિમાઓ તેમ જ પૂર્વ તરફના ચૌમુખમાં વિસ્તૃત નલિની જેવી શ્રી શત્રુંજયના સ્થાપત્યની જેમ ૩૨ પૂતલીઓ સ્થાપિત કરી. ત્રણ મજલાનો તોરણયુક્ત આ પ્રાસાદ જામનગરમાં

ઉત્કૃષ્ટ સ્થાપત્ય ગણાયું. તેમાં શ્રી નેમિનાથની ચોરી હોઇને ચોરીવાળા જિનાલય તરીકે તે સુવિખ્યાત થયો.

જિનાલયનું કામ સંપૂર્ણ થતાં પ્રતિષ્ઠા કરવાના હેતુથી આચાર્યપ્રવર કલ્યાણસાગરસૂરિને જામનગરમાં પધારવા વિનંતી પત્ર પાઠવવામાં આવ્યો. રાજસી શાહ સમેત શ્રી સંઘના આગ્રહથી અંચલગચ્છાધિપતિ, 'સમ્રાટ જહાંગીરને માન્ય' એવા કલ્યાણસાગરસૂરિ વિ. સં ૧૬૭૫માં જામનગરમાં પધાર્યા. ત્યાં ઘણા ઉત્સાહથી પ્રતિષ્ઠામહોત્સવનો પ્રારંભ થયો. સૂરિની દેશના શ્રવણ કર્યા બાદ રાજસી શાહે પ્રતિષ્ઠા–મુહૂર્ત કઢાવ્યું. વૈશાખ શુદિ ૮ નો દિવસ નક્કી કરી તૈયારી કરવામાં આવી. મધ્યમાં માણેક–સ્તંભ સ્થાપિત કરી વિશાળ મંડપની રચના કરવામાં આવી. ખાંડ ભરેલી થાળી અને મુદ્રિકા સાથે રાજસી શાહે સમસ્ત જૈનોને લહાણી કરી. ચોર્યાસી જ્ઞાતિના મહાજનોને નિમંત્રિત કરીને જમાડયા અનેક પ્રકારના મિષ્ટાન્ન, પકવાન્નોથી ભક્તિ કરવામાં આવી. ભોજનાન્તર સૌને શ્રીફળ આપવામાં આવ્યાં.

રમણીય અને ઊંચા મંડપમાં કેસરના છાંટણા છાંટવામાં આવ્યાં. જલયાત્રા મહોત્સવ વગેરેમાં પ્રચૂર દ્રવ્ય વ્યય કર્યો. પ્રતિષ્ઠા–મહોત્સવ પ્રસંગે સમગ્ર નગરને શોભાયુક્ત કરવામાં આવ્યું. રાજમાર્ગોને કમાનો આદિથી શણગારવામાં આવ્યાં. તડકાથી બચવા તંબૂઓ પણ તાણવામાં આવ્યા. વિવિધ ચિત્રાદિથી સુશોભિત થયેલું શહેર દેવવિમાન જેવું લાગતું હતું. રાજસી શાહના પુત્ર રામુ. ભ્રાતૃ–પુત્રો નેતા, ધારા, મૂલા, તથા સોમા, કર્મસી વગેરે; સંઘાગ્રણી વર્દ્ધમાન–પદ્મસિંહ, તેમના પુત્રો વીજપાલ, શ્રીપાલ આદિ ચતુર્વિધ સંઘમાં રાજસી શાહ શિરોમોર હતા.

જલયાત્રાદિ મહોત્સવો બાદ કલ્યાણસાગરસૂરિના ઉપદેશથી જિનબિંબની અંજનશલાકા થઈ. શિખરબદ્ધ પ્રાસાદમાં શ્રી સંભવનાથ પ્રભુના બિંબની સ્થાપના કરવામાં આવી. અંચલગચ્છની પટ્ટાવલીમાં ઉલ્લેખ છે કે ૫૫૧ જિનબિંબોની રાજસી શાહે પ્રતિષ્ઠા કરાવેલી તેમના પિતા તેજસી શાહે પહેલાં બંધાવેલા જિનમંદિરની આસપાસ ચારે બાજુ તેમણે બંધાવેલી દેવકુલિકાઓમાં વિ. સં. ૧૬૭૫ ના વૈશાખ શુદિ ૮ ને દિવસે કલ્યાણસાગરસૂરિના ઉપદેશથી જિનબિંબોની પ્રતિષ્ઠા થઇ. આ કાર્યમાં રાજસી શાહે ત્રણ લાખ મુદ્રિકાઓ ખરચી. પ્રતિષ્ઠા–મહોત્સવ પ્રસંગે તેમણે સ્વામીવાત્સલ્ય કરવા પૂર્વક પોતાની ઓસવાળ જ્ઞાતિના માણસોને સાકર ભરેલી પિત્તળની થાળીઓની પ્રભાવના કરી.

મેઘમુનિ કૃત રાસમાં રાજસી શાહે ચૌમુખ જિનપ્રાસાદ પાછળથી બંધાવ્યો તે વિશે પણ વર્ણન છે. તેમાં જણાવાયું છે કે વિ. સં. ૧૬૮૨ માં રાજસી શાહે મૂલનાયક ચૈત્યની પાસે ચૌમુખ વિહાર બનાવ્યો. ગજધર રૂપસી તેના સૂત્રધાર હતા. તેઓ 'વાસ્તુવિદ્યાના વિશારદ હતા. તેમણે ચૌમુખ પ્રાસાદની રચના ઉત્કૃષ્ટ કરી. આ શિખરબદ્ધ પ્રાસાદના તોરણો, ગવાક્ષો, ચોરી ઇત્યાદિની કોરણી અત્યંત સૂક્ષ્મ અને પ્રેક્ષણીય હતી. નાટ્ય પૂતલીઓ કળામાં ઊર્વશીને પણ મહાત કરી દેતી હતી. જગતીમાં આમલસાર પંક્તિ, પગથિયાં, દ્વારો, દિક્પાલ, ઘુમ્મટ વગેરેથી ચાર મજલાવાળો પ્રાસાદ સુશોભિત હતો. ચારે દિશાઓમાં ચાર પ્રાસાદ કૈલાશ શિખર જેવા લાગતા હતા. પાસે એક વિશાળ ઉપાશ્રય પણ બંધાવ્યો.

હર્ષસાગર કૃત રાસમાં રાજસી શાહનાં અન્ય કાર્યોનું વર્ણન આ પ્રમાણે છે: ભલશારણિ ગામમાં ફૂલઝર નદી પાસે

જિનાલય તથા અંચલગચ્છની પૌષધશાળા બનાવી. રાજકોટમાં વાસુદેવ શ્રીકૃષ્ણનું મંદિર બંધાવીને ત્યાં પણ યશ સ્થાપિત કર્યો. આ મંદિર મેરૂશિખર સાથે સ્પર્ધા કરતું હતું. યાદવ વંશી રાજા વિભોજી, રાણી કનકાવતી, કુંવર જીવણજી, મહિરામણ વગેરેના આગ્રહથી ત્યાં એ કાર્યો થયાં. મયાંતરમાં કાંડાબાણ પાષાણથી શિખરબંધ જિનાલય, તથા પાસે ઉપાશ્રય બનાવ્યો, કાલાવાડમાં આશ્રમ, ઉપાશ્રય આદિ બંધાવ્યાં. માંઢામાં શિખરબંધ જિનાલય બંધાવ્યું અને પંચધાર ભોજનથી ભૂપેન્દ્રને જમાડ્યા. પ્રતિષ્ઠા પ્રસંગે બસો ગોઠીઓ શ્રાવક થયા. ત્યાં કાંડાબાણી પાષાણથી પૌષધશાળા પણ બંધાવી. કચ્છ માંઢામાં પણ રાજસી શાહે ચૈત્ય બંધાવીને પોતાનો યશ સ્થાપ્યો.

જામનગરની ઉત્તર દિશામાં અન્ન–પાણીની પરબ કરાવી. કચ્છના માર્ગમાં બેડીતટના સ્થાનમાં પથિકો માટે વિશ્રામગૃહ કરાવ્યું. પાસે હનુમાનની દેરી સ્થાપી. નાગનદીની પૂર્વની બાજુમાં અનેક સ્તંભોયુક્ત એક વિશાળ ચોરો બનાવ્યો, જેની શીતળ છાયામાં લોકો વિશ્રામ લેતા. દેહરીઓના રસ્તામાં મહાદેવનું મંદિર પણ બંધાવ્યું. નદી પર લોકોના સુખ માટે પાંચ દેરી, વિસામા વગેરે પણ બંધાવ્યાં. જામનગરમાં રાજસી શાહે અંચલગચ્છનો ઉપાશ્રય બંધાવ્યો સો દ્વારયુક્ત મંત્રીશ્વર વસ્તુપાલની પૌષધશાળા જેવી રાજસી શાહની પૌષધશાળા હતી ધારાગિરિની પાસે તથા અન્ય સ્થાનોમાં પણ એમણે વખારો સ્થાપી હતી. કાંડાબાણ પાષાણ દ્વારા નિર્મિત સપ્તભૂમિ મંદિર સુશોભિત હતું, જેની રાજસી શાહે વિ. સં. ૧૬૭૫ માં બિંબ પ્રતિષ્ઠા કરાવી. જામસાહેબે એમનો ઘણો આદર કર્યો. રાજસી શાહના ભ્રાતૃપુત્ર કર્મસી પણ રાજમાન્ય હતો તેણે શત્રુંજય ઉપર શિખરબંધ જિનાલય બંધાવ્યું. વિ. સં. ૧૬૮૭ ના દુષ્કાળમાં રાજસી શાહ ગરીબોને રોટી

તથા દોઢ કળસી અનાજ પ્રતિદિન આપતા હતા. એ વખતે ભીષણ દુષ્કાળ પડેલો. વૃષ્ટિનો સર્વથા અભાવ હોવાથી પૃથ્વીએ એક કણ પણ અનાજ આપ્યું નહિ. લૂટ, ભૂખમરો હત્યાઓ, વિશ્વાસઘાત, પરિવારત્યાગ આદિ અનૈતિકતા અને પાપનું સામ્રાજ્ય ચોગમ પથરાઇ ગયું હતું. આવા વિકટ સમયમાં રાજસી શાહે દાનેશ્વરી જગડૂ શાહની જેમ અન્નક્ષેત્ર ખોલીને લોકોને જીવનદાન આપ્યું. વિ. સં. ૧૬૮૮ માં ખૂબ વર્ષા થતાં સુકાળ આવ્યો.

એ પછી રાજસી શાહે શ્રી શત્રુંજયનો તીર્થ-સંઘ કાઢ્યો. સંઘયાત્રામાં તેમણે પ્રચુર દ્રવ્ય-વ્યય કર્યો. ભોજન, સાકરના પાણીની વ્યવસ્થા કરી. જામનગરમાં આવીને સાતે ક્ષેત્રોમાં ઘણું ધન ખરચ્યું. તેઓ સ્નાત્ર મહોત્સવો, પૂજા-ભાવનાઓ સવિશેષ કરાવતા. હીરા-રત્ન જડિત આંગી રચાવતા. તથા સત્તરભેદીપૂજા ભણાવતા. યાચકોને સદૈવ દાન દેતા

એમના પુત્ર રામુએ શ્રી ગોડીપાર્શ્વનાથજીની યાત્રા નિમિત્તે ભૂમિશયનનો નિયમ લીધો હતો, એટલે ત્યાંનો સંઘ પણ કાઢ્યો. બધે નિમંત્રણો પાઠવતાં કચ્છ, વાગડ, હાલાર આદિના સંઘો એકત્રિત થયા પાંચસો સેજવાલા સહિત સંઘે પ્રયાણ કર્યું. સંઘમાં રથ, ગાડી, ઊંટ, ઘોડા આદિની સંખ્યા ઘણી હતી. ધ્રૂંઆવી, ભાદ્રેઅ, કેસી અને બાલામેય, કીકાંણુ, અંજાર, ધમડકા, ચુખારી, વાવ, લોદ્રાણી, રણની ઘોડી, ખારડી, રાણાસર થઇને પારકર પહોંચ્યા. રાણાને ભેટણું ધરીને સન્માનિત થયા. પછી શ્રી ગોડીજી તરફ ચાલ્યા. ચૌદ કોસ થરમાં ચાલ્યા. પછી તીર્થસ્થાને પહોંચ્યા. માર્ગમાં દરેક સ્થાને બે શેર ખાંડ અને રૌપ્યમુદ્રિકાની લહાણ કરી. રાજસી શાહે અને રામુએ ભાવપૂર્વક પ્રભુદર્શન કરી અને સત્તરભેદી પૂજા

ભણાવી. સ્વામીવાત્સલ્યાદિમાં પણ ઘણું ધન ખરચ્યું. યાત્રા કરી સૌ ક્ષેમકુશળ જામનગરમાં પાછા ફર્યા.

એ પછી રાજસી શાહે દ્વિતીય પ્રતિષ્ઠા માટે કલ્યાણસાગરસૂરિને આગ્રહપૂર્વક જામનગરમાં તેડાવીને વિ. સં. ૧૬૯૬ ના ફાગણ શુદિ ૩ ને શુક્રવારે બિંબપ્રતિષ્ઠા કરાવી. ઉત્તર દિશાના દ્વાર પાસે વિશાળ મંડપ બંધાવ્યો. ચૌમુખછત્રી, દહેરી તથા પગથિયાં બંધાવ્યાં. અહીંથી ચૈત્ય પ્રવેશ થાય છે. બન્ને બાજુ ઐરાવત હાથીઓ ઉપર ઈન્દ્ર બિરાજિત કર્યા. પ્રતિષ્ઠા પ્રસંગે સમસ્ત નગરને ભોજનાર્થે નિમંત્રવામાં આવ્યું. બ્રાહ્મણોને દસ હજારનું દાન આપીને ભોજન કરાવ્યું. રાજસી શાહે ચોથુ વ્રત ગ્રહણ કરવાના પ્રસંગે પણ સમસ્ત મહાજનોને જમાડ્યા.

રાજસી શાહની પત્ની સીરિયાદેએ ગિરનારનો સંઘ કાઢ્યો અને વિ. સં. ૧૬૯૨ ના અક્ષયતૃતીયાના દિને તીર્થ–યાત્રા કરી. સીરિયાદેએ માસક્ષમણ કરીને છ'રી પાળતાં આબૂ અને શત્રુંજયની પણ યાત્રા કરી. સીરિયાદે રાસમાં એમનાં કાર્યોનું વર્ણન છે. રાજસી શાહના દ્વિતીય પત્ની રાણાદેનો રાસ પણ ઉપલબ્ધ થાય છે, જેમાં તેમનાં સુકૃત્યોનું વર્ણન છે.

રાજસી શાહે કલ્યાણસાગરસૂરિના ઉપદેશથી અંચલગચ્છીય શ્રાવકોને પ્રત્યેક ઘરે લહાણો પાઠવી હતી. કવિ હર્ષસાગરજીએ બસો જેટલાં શહેરોની લાંબી સૂચિ વર્ણવી છે, જ્યાં રાજસી શાહની લહાણી ફરી હતી. આ કાર્યમાં નવ લાખ કોરીનો ખર્ચ થયો હતો. રાજસી શાહની કીર્તિ એ દ્વારા સમગ્ર ભારતમાં વિસ્તરી ગઈ.

ભટ્ટગ્રન્થોમાં વિશેષ બાબત એ છે કે જહાંગીર બાદશાહના રાજ્યમાંથી ૮૪ ગચ્છોના યતિઓને ગુજરાતમાં નાસવું

પડેલું, ત્યારે રાજસી શાહે તેમને સાત વર્ષો સુધી આશ્રય આપ્યો અને ઘણું ધન ખરચ્યું હતું. ખરતરગચ્છાધિપતિ જિનસિંહસૂરિએ એવી ભવિષ્યવાણી ઉચ્ચારેલી કે ખુશરૂ બાદશાહ બનશે. જહાંગીરે આ વાત દાઢમાં રાખી અને પોતે તખ્તનશીન થયો કે તરત જ તેણે પોતાના વિરોધીઓ સામે કડકાઈથી કામ લીધું. ઉક્ત ભવિષ્યવાણી જૈન શ્રમણોને ખરેખર ભારે પડી ગયેલી!

હર્ષસાગરજીએ વિ. સં. ૧૬૯૭ માં રાસ રચ્યો હોઈને ત્યાં સુધીની તેમની વિદ્યમાનતા સિદ્ધ થાય છે. એ પછી રાજસી શાહે ધર્મકાર્યો કરતાં શેષ જીવન નિર્ગમન કર્યું હશે. આ રીતે ચરિત્રનાયક લાંબુ જીવન જીવ્યા હશે એમ સહેજે અનુમાન કરી શકાય છે.

ઉક્ત બેઉ રાસોમાં રાજસી શાહનાં મહદ્ કૃત્યોનું વિશદ્ વર્ણન મળે છે. રાસકારોએ એમનાં કાર્યોને ખૂબ ખૂબ બિરદાવ્યાં છે. રાસકારોએ યોગ્ય જ કહ્યું છે કે ચરિત્રનાયક ધર્મકાર્યોમાં જગસી, જાવડ, જગડૂ, ભામા, રામ, કુંરપાલ, આસકરણ, જસુ, ટોડરમલ, લાલ, કર્મચંદ, વસ્તુપાલ, વિમલની જેમ સુકૃતકારી હતા. આ રીતે જૈન સંઘના ઇતિહાસમાં રાજસી શાહનું નામ સુવર્ણાક્ષરે આલેખાયું છે. જામનગરની તવારીખમાં પણ એમનું નામ નોંધનીય છે. ભૂચરમોરીના ખૂનખાર યુદ્ધમાં તારાજ થયેલા રાજ્યને રાજસી શાહે ભામા શાહની જેમ આર્થિક મદદ આપેલી. જામનગરના રાજ્યની આબાદીમાં ચરિત્રનાયકે ઘણો મોટો ભાગ ભજવ્યો છે. આમ તત્કાલીન રાજકીય તવારીખમાં પણ રાજસી શાહનું નામ આવે જ છે. આવા 'રાજમાન્ય,' 'કોટિધ્વજ' શ્રેષ્ઠી અંચલગચ્છને ફરી ફરી મળો એજ અભ્યર્થના.

# શ્રી આર્યરક્ષિત જૈન બાળ વાંચનમાળા
## ગુચ્છ પહેલું

| ક્રમ પુસ્તિકાઓના નામ | દ્રવ્ય સહાયક |
|---|---|

૧. શ્રી આર્યરક્ષિતસૂરિ—સ્વ. શ્રી મેઘજી માલસી દંડ સુથરીવાલાના સ્મરણાર્થે ગં. સ્વ. શ્રી વેલબાઇ મેઘજી માલશી દંડ, કોચીન.

૨. શ્રી જયસિંહસૂરિ—સ્વ. શ્રી કાનજી પીતાંબર નાગડા નલીઆ-વાલાના સ્મરણાર્થે. શ્રી નારાણજી કાનજી નાગડા. હુબલી.

૩. શ્રી ધર્મઘોષસૂરિ—શ્રી વાસુપૂજ્યજી જૈનપાઠશાળા. અલપઇ.

૪. શ્રી મહેન્દ્રસિંહસૂરિ—સ્વ. અંચલગચ્છ મુનિમંડલ નાયક આચાર્યદેવશ્રી દાનસાગરસૂરીશ્વરજી મ. સા.ના સ્મરણાર્થે.

૫. શ્રી મહેન્દ્રપ્રભસૂરિ—શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિધિપક્ષ (અંચલ) ગચ્છ સંઘ, માંડલ.

૬. શ્રી જયશેખરસૂરિ—અંચલગચ્છીય સાધ્વીશ્રી હરખશ્રીજી મ ના ઉપદેશથી શ્રી શ્વેતાંબર મૂતિપૂજક જૈન સંઘ. મુલુન્ડ.

૭. શ્રી મેરુતુંગસૂરિ—સ્વ શ્રી જાદવજી લખમશી છેડા પત્રીવાલાના સ્મરણાર્થે. શ્રી વીરેન્દ્રકુમાર દામજી જાદવજી. હુબલી.

૮. શ્રી જયકીર્તિસૂરિ—સ્વ. શ્રી પુરબાઇ કુંવરજી જેઠાભાઇ દંડ. વરાડીઆવાલાના સ્મરણાર્થે શ્રી કુંવરજી જેઠાભાઈ જેવત દંડ

૯ શ્રી ધર્મમૂર્તિસૂરિ—સ્વ. શ્રી હીરજી હેમરાજ મોમાયા સાંયરા-વાલાના સ્મરણાર્થે ગં. સ્વ કુંવરબાઇ હીરજી હુબલી.

૧૦. શ્રી કલ્યાણસાગરસૂરિ—સ્વ શ્રી સામજી કરમશી મોતાના સ્મરણાર્થે શ્રી નારાણજી સામજી મોતા હુબલી.

૧૧. શ્રી વિદ્યાસાગરસૂરિ—શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી તથા તેના સાધારણ ફંડોના ટ્રસ્ટીઓ. મુંબઈ-૯.

૧૨. શ્રી ઉદયસાગરસૂરિ—સ્વ શ્રી આણંદજી માલશી દંડ, સુથરી-વાલાના સ્મરણાર્થે શ્રી જવેરીલાલ આણંદજી દંડ કોચીન.

# શ્રી આર્યરક્ષિત જૈન બાળ વાંચનમાળા
## ગુચ્છ બીજું.

ક્રમ પુસ્તિકાઓના નામ દ્રવ્ય સહાયક

૧. **શ્રાવક યશોધન**—અ. સૌ. શ્રી માનબાઈ ઉમરશી કાનજી ભેદા, મુંબઈ હા. જવેરીલાલ તથા કમલેશ ઉમરશી ભેદા, મુંબઈ

૨. **મંત્રીશ્વર વિમલ**—સ્વ. માતુશ્રી પુરબાઈ ધરમશી રાજપાલ ડાઘા ફલતુંગીવાલાના સ્મરણાર્થે. શ્રી ડુંગરશી તથા ચાંપશી ધરમશી. સીરસી.

૩. **હરિયાશાહ**—સ્વ. શ્રી મૂલબાઈ માલશી ભૂલા દેવપુરવાલાના સ્મરણાર્થે. હા. શ્રી કુંવરજી માલશી હરીઆ. મુંબઈ, ૯.

૪. **મેઘાશાહ**—સ્વ. બાઈ હીરાવંતી મેઘજી કાનજી ભેદાના સ્મરણાર્થે. મુંબઈ.

૫. **કુંરપાલ–સોનપાલ**—સ્વ. શ્રી મુલજી દેવજી લોડાયા જલગામ-વાલાના સ્મરણાર્થે ગં. સ્વ. શ્રી ભચીબાઈ મુલજી, જલગામ

૬. **રાજશી શાહ**—સ્વ. શ્રી નરશી વેલજી મોમાયા વારાપધરવાલાના સ્મરણાર્થે શ્રી સામજી નરશી, હૈદ્રાબાદ.

૭. **વર્દ્ધમાન-પદ્મસિંહ શાહ**—શ્રી ખીમજી વેલજી છેડા, ગોધરા (કચ્છ)

૮. **સંઘવી લીલાધર પારેખ**—સ્વ. શ્રી ગોવિંદજી વેરસી મૈશરી જખૌવાલાના સ્મરણાર્થે. ગં. સ્વ. શ્રી હીરબાઈ ગોવિંદજી, અમલનેર.

૯. **શેઠ નરશી નાથા**—સ્વ. શ્રી પાસુભાઈ શિવજી લોડાયા નલીઆ-વાલાના સ્મરણાર્થે. ગં. સ્વ. પુરબાઈ માતુશ્રીબાઈ, અમ્મ ધેરે

૧૦. **શેઠ કેશવજી નાયક**—શેઠશ્રી · નાના સ્મરણાર્થે. શ્રી ડુંગરશી કેશવજી નાયક, મુંબઈ. સીરસી.

૧૧. **શેઠ વેલજી માલુ**—સ્વ. શ્રી લ—સ્વ. શ્રી મૂલબાઈ માલશી ભૂ વાલાના સ્મરણાર્થે. ગં. સ્વર્થે. હા. શ્રી કુંવરજી માલશી હ

૧૨. **શેઠ ખેતશી ખીંયશી**—સ્વ. શ્રીસ્વ. બાઈ હીરાવંતી મેઘજી કાનજી વાલાના સ્મરણાર્થે. ગં. સ્વ.